'રોશન શેતમ્ભી'

અથવા

(શુન્ય ભેદોની નવાજેશ)

જેના—

[illegible]

કીમત છ આના.

રચનાર,

[illegible]

[illegible] (પારસી)

મુંબઈ

[illegible] પ્રીંટીંગ પ્રેસમાં

[illegible]

[illegible]

[illegible]

[illegible] માસિક [illegible] પ્રસિદ્ધ [illegible] આવે [illegible] થયું છે, [illegible] આપવામાં આવ્યું છે।

૨. [illegible] (દર [illegible] ભેટ [illegible] આપવામાં આવશે।)

૩. '[illegible]' ([illegible] ભેટ [illegible] આપવામાં આવશે।)

૪. **ધર્મ સંબંધી જ્ઞાન** ([illegible] ધર્મ સંબંધી [illegible] આપવામાં આવશે [illegible] છે। [illegible] નહિ, પણ, તેઓ [illegible])

[illegible] આ [illegible] અનુભવ [illegible] આપવાની [illegible] છે।

[illegible] આ [illegible] છે।

દરેક [illegible] આવે છે, [illegible] પડે।

[illegible]

[illegible] ([illegible])

[illegible] ([illegible])

'રોશન ફીલસુફી

યાને

(ગુપ્ત ભેદોની નવાજેશ)

બેત—

અય કળજુગ ! બાપ ન જાંણે બેટો, બેટો ન જાણે બાપ,
તારા અજબ ફાંટાથી હેરત છું, તુ કાંય દે છે ખુદાને શ્રાપ.
માયા મેહોબત જગની ખોટી, નેંકી આવશે તુંજની સાથ,
દોલત, દોસ્તો સૌ અહિંજ રહેશે ભલા ! તું કરજે ભલાઇ
એક હાથ.

કીંમત છ આના.

રચનાર,
કમતરીન
ફરામરોઝ અરદેશીર આશા (માસ્તર)

મુંબઇ:
ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં
ગણપત રામાજીરાવ પ્રીંટરે છાપ્યું છે.
(ફોર્ટ, પારસી બજાર સ્ટ્રીટ—નંબર ૧ લો, ખાપલા બીલડીંગ.)

૧૯૦૬.

ખુલાસો.

પાક પરવરદેગારની મદદથી, હમોએ જીંદગીનું બીજું પગથ્યું ભર્યું છે! અને એ દયાળુ સાહેબની બક્ષેશથી, આ નાનકડું પુસ્તક હમારા સર્વે પ્રીય વાંચકો સનમુખ રજુ કરીએ છીએ, જોકે, આ પુસ્તક ઘણુંજ થોડાં પાનાં રોકે છે, તેમજ થોડીક બાબદો દરશાવી શકે છે, છતાં, એમાંની હરેક ચીજો તમોને ખસુસ કરીને ઉપયોગી છે, તેમજ જીંદગી તલક, તમારા હરેક કામને ખાતર, ગોખી રાખવા જોગ છે!

હમોએ નસીઅતનામામાં, જાંણવાજોગ ખુલાસો જાહેર કીધો હતો, જેથી, આ કેતાબમાં, હમો કાંઇ પણ વધુ જણાવવાને વાજેબ, જોતા નથી.

અનુભવ અને ખંતથી, **નસીઅતની કેતાબ** બહાર પાડવામાં, હમોએ રંજ તથા ગંજની કશી પણ મહેનત બાકી રાખી હતી નહિ! છતાં તે દળદાર પુસ્તક અને છુટથી લીધેલાં કામ સાથ જોતાં, નજીવી કીંમત રાખવી પડી હતી. તેમજ વળી આ પુસ્તક રચવામાં, અને ખુલ્લો રસ્તો દેખડાવવામાં હમોએ એક બીજી અદના ફરજ બજાવી છે! હમારૂં ચહાવું છે કે, આદમ જાત નાલાયક કામો કરવાથી અટકે, અને બૂરાશ જેવી કાતીલ ચીજને આગમજથી અટકાવે, અને નીતીમાન જીંદગી ગુજારી, પોતાના પરમકૃપાળુ સાહેબને હમેંશતલક યાદ કરે!

લા૦ તમારો ખાકસાર

ફરામરોઝ અરદેશીર આશા,

(માસ્તર)

૧૫, ઘોઘા સ્ટ્રીટ, કોટ.

મુંબઇ, તા૦ ૨૦ મી આગષ્ટ સને ૧૯૦૬.

'રોશન ફીલસુફી'

યાને

(ગુપ્ત ભેદોની નવાજેશ)

યાદરાખજે એ મારાફાની, આ 'રોશનફીલસુફી' હરદમ જો છે ગંમ આફટનો અકસીર ઉપાય છે કદમબકદમ હરગેજ દીલગીર નાથાતો ના કોઈને કરતો સેતંમ સેતંમથી થયાં છે, સૌંઝડો, કુટુંબને શહેરો ખતંમ પડે સચ્ચાઈથી સેંકડો રંજો, તું શાંતપણે ઉઠાવી લેજે આ તારા રફીક 'આશા'ના નવીન સોખનો તું હવે પાછા કબુલ કરજે.

રાહે રાસ્ત.

૧ ખોદાનું અતી પ્યારૂં નામ ઝબાંનપર મુકી જાહેર કરૂં છું, કે જે બંદો તે માલેકના ફરમાન મુંજબ નહિ ચાલશે, અને એબાદતમાં પોતાનું દિલ નહિ લગાડશે, તે સદાકાળ આ દુન્યાના ફાંડામાં કચરાની મીસાલ અટવાયા કરશે! અને મીંનોઇ જેહાંનની સુખશાંતીનો લેશભાર ખ્યાલ કદીપણ તેને આવનાર નથી. (એક પાતરૂં વટીક પોતાની ખરી કીંમત અને ગુંણ સમજી શકે છે, તો એવો કયો નાદાંન છે કે, પોતાની કીંમત રતીભાર પણ સમજી શકતો નથી?)

૨ જે માણુસ આ ખાકી દુન્યાને પાણીના પરપોટા મીસાલ સમજે અને પોતાની બંને ફરજ બજાવતો રહે! ત અનેક મુશ્કેલી

સહન કરે, છતાં ભલા પાદશાહ યા તવંગરની ખોટીરીતે તરફદારી કરનાર નથી.

૩ જે શખ્સ જન્મથી ખરૂં શું અને ખોટું શું, જે જાહેરમાં લાવવાને પોતાનું જીવવું બરહક્ક સમજે, તેવા શખ્સને ન્યાય અને કાયદાનો અભ્યાસ કરી, વખત ગુમાવવો નહિ જોઇએ.

૪ અય પરવર! જ્યારે નજર કરૂંછું ત્યારે આસમાન ઉપરની તમામ નુરી ચીજો હરપળે તારા હોકમ મુજબ ચાલી આ જેહાંનને સુખશાંતી બક્ષે છે! પણ વધારે અજાયબીમાં ગરકાવ થાઊંછું કે તમામ ઇંનશાનોને તું તારી મદદે આવવા કહેતો નથી, યાતો તું કશીરીતે ભેટ પણ માંગતો નથી, અને હરેકે હરેક ન્યામતથી ભરપુર કીધાં છે, છતાં હું નહિં જાંણતો કે, તારી, નાફરમાનીએ પહોંચી બળામાં આપોઆપ શા સારૂં ગેરફતાર થતાં રશે!

૫ જે શખ્સ આ દુન્યાની ખેલ, ખુશી અને મહોબતમાં ચકચુર થઇ પડે છે, તે શખ્સ પોતાને બુલંદ તકદીરવાળો માની લેઇ, જીંદગી સફળ થયેલી ઇચ્છેછે! અને પોતાથી ઉતરતો દરજ્જો ધરાવનારને હીણે છે; એવા અંધકારમાં પડેલા ઇંનશાનને તેના માબાપ, સગાં, અને દોસ્તોનું મંડળ શાસારૂં તે બીચારા નાદાંનને સલાહ આપતું નથી? શું તેઓને પણ એવીજ જીંદગી ગુજારવાનું પસંદ પડે છે!

૬ વળી, મેં એવું પણ અનુંભવપરથી જોયું છે કે, નમનતાઇ સચ્ચાઇ અને પ્રમાણીકપણાની હદ કુદાવી જતાં આ જમાનો એટલો બધો કદરવંતો અને મહેરબાની ભર્યો છે કે હરપળે, તેનો શીકાર કરી, કાચ્ચો ને કાચ્ચો ખાઇ જવાને લોકો જરાપણ શરમાતાં નથી!

૭ ઓ જ્ઞાની! તારી ખોદા તર્ફની ફકીરાઇ, તારી મુંફલેસી, તારા અપક્ષપાત વિચાર, અને તારાં નેંકકામોને માટે એક મરતબે તમામ જેહાંન તારી સાંમે દુશ્મનાઇના હથીઆર ઉઠાવે, તો તેમને દુશ્મન નાગણ પણ તને ઘટેથ કે, નમનતાઇ સાથ માથું નીચું રાખી, ભલાઇની નજર તેમનાતર્ફ ફેંકતો રહે; જ્યારે તું એવું કરતો રહેશે, ત્યારે તું મુજને સત્ય માનજે કે ખોદાની નેગેહબાની (પાસબાની) હરપળે તારાપર ઉતરી છે; તો એ વખત આ દુન્યામાં એવો તે કયો શખ્સ હસ્તી ધરાવે છે કે તારી ખરી કીર્તીને ઝાંખ લગાડે? અને તારાં કામને નુંકશાંનીમાં પહોંચાડે? અને વળી તું યાદ રાખજે કે જેઓ એવું ચહાશે, તેઓ પોતાના હાથ પગ પોતેજ બાંધશે!

૮ દાનાઈ અને નીતી વચનનાં કામો ફકત ખોદા તર્ફ સર રાખી, હાતમ દીલથી થવાં જોઇએ, અને નીચ લાભોને ખોટી વાસ્તી રાખવાની પરવર કદી કાળે કરવી નહિ જોઇએ; સબબકે લોકો એટલું બધું ગાફેલ છે! અરે નહિ! એટલું તો ફીલસુફ છે, કે તમારી વાતને મંજુર રાખશે નહિ!

૯ શાએર લોકો દુન્યાના રંગો તપાસવાને સો જાતનાં અવતાર બદલે છે, અને વળી એ લોકોનો ખોરાક (લખાંણ) પણ જુદો છે! માટે તમારે એવી હાલત ભોગવવી હોય, યાતો એવો ખોરાક ખાવો હોય તો સમજીને ખાજો! સબબકે એકાએક ઘણો ખાધાથી હજંમ થશે નહિ! અને તબીઅતમાં નાહકનો બીગાડો થશે!

દોરંગી દુન્યા

ના

ભેદી કલાંમો.

જેવારે તું જનું દિલ હકકતાલાથી ભરપુર થાશે,
તેવારે તમામ જેહાંનના પદડા સૌ ખુલ્લા થાશે!
અગર દાનાવ હોય તને રોશન ચશમ,
તો સમજજે આગાહીથી આ દુન્યાને ભરમ!

૧ આ દોરંગી દુન્યાનો ખેલ! ખલકતની ચશમમાં ફેર, હવે થઈ રહી, એ કલજુગ જમાનાની જેલ!

૨ દુન્યા (દુ=નીચ અને આમદન=આવવું)=એ બુંનીઆદ! અરે ઇનશાંનો! દુન્યા પોતે નીચમાંથી, પેદા થઈ છે, માટે, એ વફાદાર કદીપણ થઈ શકશે નહી!

૩ આ બુરા જમાનાએ સપાટીનું તળ્યું, અને તળ્યાંની સપાટી કરી નાંખી છે, માટે, પળેપળ, સાવચેતીમાં રેહજો!

૪ આ જમાનામાં, ભલો તે બુરો ગણાશે: લાયક વાત કરનાર મીજાસી; ચોખ્ખો કાયદો બતાવનાર ગરૂર: બીન મતલબી અને બીન

ખુશામતીઓ હલકો; અક્કલી તે કમ અક્કલી; હડહડતો જુઠો, સાચો; બેઈજ્જત માણસ પુરવીન તથા પાવંડો; અને પ્રમાણીક તે ચોર ગણાશે! માટે અય શખ્સો, તમારી દાદનો ચહાનાર, આજેહાંનમાં રહયો નથી, માટે, ખોદાની અદાલતમાં, ઇન્સાફ માંગજો.

૫ આ જમાનો સચ્ચાઇનો નથી, માટે જેઓએ સચ્ચાઇને હમેંશ-સુધી, વળગી રહેવું હોય તેઓએ દુન્યા સાથે, થોડી નેસ્બત રાખવી, અને લેવડદેવડનો સંબંધ ઘણો દુરથી રાખવો!

૬ આ જમાનો, અક્કલવાળાઓનેમાટે નથી, માટે તેઓને, હર-વખત, મુશ્કેલીઓમાંથી પસાર થવું પડશે; અને રંજથી રોટલીનો ટુકડો પણ, સહેલાઇથી મેળવી શકાશે નહી!

૭ ઊમંગવાળાઓને, તેમજ ખરી તાબેદારી, અને ખંત ધરાવનારોને, કોઈ દાદ આપી શકશે નહિ! પણ પરવરદેગાર કાંઇને કાંઇ રીતે ગુપ્ત મદદ કર્યા જશે.

૮ અક્કલી આદમી, જો એક મંડળીમાં સહેજ કસુર કરશે તો તેને બીવકુફ ઠેડવવામાં આવશે, અને કમઅક્કલી, જો સહેજ સારો દેખાવ કરશે, તો હમેશાસુધી, તેને હુશ્યાર તરીકે ગણવામાં આવશે!

૯ રાસ્ત આદમીઓ, બોલતાં ચાલતાં, ખુરાવોના દોરથી ચોરની માફક રહેશે!

૧૦ પરહેજગાર માણસો, આવા વખતે, કાંઇપણ મુરાદ ઇચ્છશે નહિ, પણ તેઓ એક મુરાદ પરવરદેગાર પાસે માગશે, જે ફક્ત 'મોત' છે!

૧૧ બુજરગોનો માન મરતબો દિનપરદિન ઘટતો રહેશે અને તેમની અક્કલ એક બચ્ચાંજેવી લેખાશે!

૧૨ નીચ બંદાઓને રોજી વધુ જગરો, અને રાસ્ત શખ્સોપર પેશાવાઈ તથા જુલમાત કરશે!

૧૩ પીતાને પોતાના ફરજંદો અકાળાં થઇ પડશે, અને તેમનાપર હેત અને માનની લાગણી બહારથી રહેશે, તેવીજરીતે, તેમનો ધડો લેઇ, ફરજંદો પણ નાફરમાનીએ પહોંચશે !

૧૪ આબાઓને પોતાનાં ઉધરતાં ફરજંદનો નિભાવ કરવો ભારી પડશે! જેથી આબેરીયત બેચારગીને લીધે, પશેમાની તથા બેહોરમત થવું પડશે!

૧૫ ભાઈ પોતાના ભાઈને, એક સાધરણ મીત્ર મીસાલ ગણશે !

૧૬ સર્વે સગાં સ્નેહીઓ, પારકાં માણસ થશે, અને પારકાં માણસો, સગાંઓનો દાવો કરી બેસસે !

૧૭ જે ગ્રહસ્થો ઘણાં ખાલેસ અને નમ્ર હશે, તેવો પાસેથી બુરાઓ ભેદ ભરમો, જાણી લેઇ, તેમના ઘરને, આગ અને રેલમાં તરતાં મુકશે (એટલેકે બેહદ ખરાબ વર્તણુંક, ચલાવશે)

૧૮ એક સહાસ તથા પુંણ્યનું કામ સાંભળતાં, બેદિલો પોતાનો પગ એવો મૂકશે, કે, તે ઊઠાવેલાં કામને, બેઇજ્જત, તથા બેહોરમત કરશે !

૧૯ ડગલબાજથી, ગરૂરીથી, અને જુઠાઇથી ખજાંનો મેળવી, હાકમાઈ કરશે ! અને પોતે દાનાવો હોય, તેવું ડોળ રાખશે !

૨૦ બુજરેગ શેઠીઆઓને ત્યાંનાં નોકરો, શેઠાઇ કરતા રહેશે.

૨૧ બેકદર શેઠીઆઓને ત્યાં, દાનાવ અને રાસ્ત આદમીઓને ફરજયાત રોજી મેળવવી પડશે ! પણ તેમની કદર કોઇ બુજશે નહિ, પણ તેમનાપર જુલમાત થતો રહેશે !

૨૨ આ જમાનામાં, ઓરતો સરસાઈ ભોગવશે, અને મરદો તેમની ફરમાનબરદારી કરશે. (હજુ વખત ઘણો કિંમતી છે.)

૨૩ મરદોપર, પૈસાની તંગી એટલે હદ સુધી કાબુ મેળવશે કે, ઘણી વેળા મુંગે મોંઢે, ગંમખાર હાલતમાં ઉતરવું પડશે ! અને કીંમતી જાંન, ખોદાને હવાલે કરવાની ફરજ પડશે !

૨૪ આ કળજુગ જમાનામાં, રફતે રફતે, બેદાદી એટલીબધી વધતી જશે કે મુંસાફરોનો અવતાર લેવો પડશે! રસ્તે ચાલતાં મોત નીપજશે અને ખુદરતનો કોપ એક પછી એક નવું રૂપ ધારણ કરશે (જે સાંભળેલું યા જોયલું પણ નહિ હોય એવું હજી પછી જોતું પડશે).

૨૫ કોંમોના તહેવારો બીલકુલ સાધારણ દિવસની માફક ગણાશે! અને દરેક ખુશી ખુરંમી નાબુદ થતી રહેશે!

૨૬ સુરજની ગતી (ફરહર) એટલી કમી થતી જશે કે વરસ મહીના અને દિન કેમ પસાર થાય છે, અને, કેમ આવે છે, તેનો ખ્યાલ પણ થઇ શકશે નહી!

૨૭ સુરજની ગરમીનું જોર વધશે નહી, પણ કમી થતું રહેશે!

૨૮ જેમ એક માણસ ટોંચપર ચઢે છે, જયાં તેનો બંચાવ કોઈ રીતે થતો નથી, જેથી હાથ પગ ભાંજી, જમીનદોસ્ત થઈ જવાની ધારતીમાં હોય છે, તેમ જયારે સેતાનયતપણાનું જોર, પુરેપુરૂં ટોંચપર જશે, અને પરહેજગારી, રાસ્તી, તમામ ચીજ નાબુદ થઇ જશે, ત્યારે ખુરી શકતીઓના દોરનો બંચાવ થઈ શકશે નહી, જેથી તેને હંફાવા, ને જેરકરવા નેકી બહાર આવશે, ને આખેરીયત, નેકીની ફતેહમંદી થશે, અને તમામ દુન્યાપર પોતાની અદલ રાજધાની ફરીથી સ્થાપશે!

ઓ ભાઇ! જયાં જશો ત્યાં હરકત મળતી રહેશે: માટે ઝબાંનને બંધ રાખજો, કોઇની માયા મહેરબાનીપર ધ્યાન પુગાડશો નહિ; એક માર્ગી થવાનું પસંદ રાખજો; અને સંકટવેળા સહાય થજો, કે જેથી તમારૂં જીગર ખુશ ખુશાલ રહે!!!



એલમે ખુદા વ ઈસ્સે સેતાન જુદા

(સ્વપનાની તાસીર, ન રહ્યો આ જગમાં મુંજનો કોઇ સાથી)

અય વાંચનાર ! ઓ મારા પ્રીય વાંચનાર ! જયારે, હું દુન્યામાં નહી ચોમેર નજર કરતો ઉભો રહું છું ! ત્યારે મારી સનમુખ એવું નજરે પડે છે, જે તમામ ઈનશાંનો બારેદકકતાળાની બંદગીમાં મશગુલ છે! પણ, અજબ છે કે રાતદિન રંજ ખેંચતાં, તે સાહેબ, પાસેથી કશો ગંજ મેળવી શકતાં નથી ! અને નાહકનાં હેરાંનગતી ભોગવે છે, ત્યારે મેં મગજપર એવો ઠેડાવ કીધો, કે એની દોસ્તીમાં, ચકચુર થવું, એમાં કશા રીતનો ફાયદો હાંસલ થઈ શકતો નથી; અને દુન્યાની લાલચો, આવા સબબથી, ભોગવી શકાતી નથી ! તેથી હું સેતાનની સોબત કરવાને ગયો ! દિલમાં એવું ધારીને કે, તે, મને આ દુન્યાની તમામ માલ મોલકતથી ભરપુર કરશે અને જાવેદાંન તલક આ દુન્યાની ખુશીખુરમી ભોગવતો રહીશ ! જેથી, મેં રાતદિન તેની પરસ્તેશ (તેના ફરમાન મુજબ ચાલવું) કીધી !

એક વેળા રાત્રે હું બાગમાં ફરહર કરૂંછું! અને તેની સોબતમાં ચકચુર થઇ રહ્યોછું, એ દરમ્યાન કોઇ મને આવીને પૂછે છે 'અય નવજવાન! તું કોણ છે? અને રાતની વખતે તને અહીં આવવાનો સબબ શો?' મેં કહ્યું 'ઓ જેહાંનપનાહ! હું સેતાનની શોધમાં રાતદિન ફરૂં છું, અને તેના માર્ગપર સંપુર્ણ જવાને કોશેશ કરૂંછું!'

આ સાંભળતાંને સાથ, તેણે જવાબ દીધો! અય મરદ! 'હું પોતે સેતાન છું અને તું ખોફ ના ધર! જ્યારે તેં, મને યાદ કીધો છે, ત્યારે મારે પણ તારો અહેશાંન ભુલવો નહિં જોઇએ!' આટલું બોલી, તે, મને ખજાના તર્ફ લેઇ ગયો અને ફરમાવ્યું જે, 'તને શું જોઇએ છીએ, તે સર્વે તું અહીંથી લેઇ ચાલ્યો જા!'

મેં તેના હોકમને માન આપી, જર જવાહીર તથા દૌલત ઊપાંડ-વા માંડી અને વિચારયું જે, હવે આતો સોનેરી ટક મળી! અને હું ખુશ ખુશાલ રહીશ! તેણે જણાવ્યું 'જે, હજુ પણ, જેમ બને તેમ ખજાનો હાથ કર!' જેથી હું તાજુબ થયો, અને તે માલમતાપર ચકચુર થઇ ગયો!

હવે ઘરે રવાનાં થતાં, તે ખજાનો મુંજથી ઊંચકાયો નહિ! ત્યારે તેણે હેકમત ચલાવી કહ્યું, 'ઓ સેતાનના બંદા! તું માલ હજુ એક હાથ કર, હું તને ઊંચકવામાં મદદ કરીશ!' આવી ઉપકારની લાગણીથી, અને મારાફ જેવા લેહજ્જતદાર સોખનથી હું ગાફેલ, થઇ ગયો!

હવે સેતાંને મારા બંને હાથ પકડી ઘર તર્ફ હવામાં ઉડવા માંડયું પણ એકાએક ન ધારેલી રીતે, કોઇ ફરેસ્તો આવીને, ઉભો રહ્યો, અને મુંજના બંને પગ નીચેથી પકડયા! (અફસોસ મારી લાજપર અને સદ હજાર અફસોસ મુંજના કાજપર) અને પુછવા લાગો, 'જે અય બેદિલ જવાન આ બધો ખજાનો તું કયાં લેઈ જાય છે?' મેં જણાવ્યું 'ઓ ભલા પીર! એ મારો પોતાનો નથી પણ સેતાનનો છે!' આવા બેદ-

ભર્યા સોખન સાંભળી તે ગરમ થઇ ગયો, અને કહ્યું જે ' તું જ્યાંથી લાયો હોય, ત્યાં પાછો ચુપચુપ મૂકી આવ ! કારણ, હું સેતાનને સેશભાર પીછા-ણી શકતો નથી, કે તે આ દુન્યામાં શું હસ્તી ધરાવે છે ! ' (આથી વિચાર કરૂં છું કે બેવફાનો બદલો બેવફાજ છે !) આવા તાંના જનીના સોખન સાંભળી, બંને વચ્ચે (ફરેસ્તા અને સેતાન) લડાઈ ચાલુ થઇ !

એક કહેકે મારો અને બીજો કહે કે મારો !! અને ત્રીજાને મળ્યો નફામાં દોજખનો ખાડો !!! ફરેસ્તાએ, જેમ બને તેમ, મારા નીચેથી પગ ખેંચવા માંડયા ! અને સેતાને મારા બંને હાથ હવાપર જોસભર ખેંચ્યા ! જે મામલો જોઇ હું તદંન બેફામ થઈ ગયો ! અને ગભરાઈને બોલ્યો ! 'અરે ઓ સેતાંન ! મને નથી જોઇતી હવે તારી દોલત ! યા, નથી જોઇતી મુંજને, તારી જાહોજલાલી ! હવે તું મને આ દુખના દરિયામાંથી મુક્ત કર !' આવું સાંભળીને સેતાંન હવાપર ઊડતો થયો, અને ફરેસ્તો કેહે ગુંમ થઇ ગયો ! તુરત મારૂં બદંન, મટ્ટી મીસાલ થઇ પડયું ! અને લોહી, પાણીમાં મીશ્રણ થઇ ગયું !!

ત્યારબાદ ખાબમાંથી બેદાર થતાં, હું નજર કરૂં છું ! હું કરૂં છું નજર આસપાસ ! પણ મુંજને નથી મળતો કોઇનો સ્વાસ ! પણ તમામ દુર્ગંધી ચીજો આવી રહી છે મુજની પાસ ! ને હવે મળે નહિ, ત્યાં મુંજનો કોઈ સાથ !

આ જોતાંને સાથ, હું પોકાર મારીને બોલું છું, ' અરે ઓ સેતાંન અરે તું નીંચ ખસલતના હેરેમન ! આખરે પણ તું તારૂં સેતાંન-ચતપણું દેખડાવ્યા વગર રહયો નહિં ! મેં, તારી રાતદિન પરસ્તેશ કીધી, પણ, તું તો બેવફા થઈને ચાલ્યો ગયો ! અને મુંજને આ પાપી જેહુાંનમાં અલાહેદો મુકી દીધો ! લ્યાન્ત હોજો ! અરે ઓ પાપી તારાપર સદહજાર લ્યાનત હોજો !!! કે આવી દગલબાજી કરી, તું ખલકતના લોકોને પૈસાની લાલચ દેખડાવી બદીમાં ફેંકી

દેછે ! અને જયારે જાળમાં ફસી પડે છે, ત્યારે તું મુકીને ચાલતો થાય છે ! અને તેની જીંદગીનો કિમતી નફો લુંટી લેઇ જાય છે !

અય હેરેમન ! અગર હું વધારે ખુલાસાવાર જાહેર કરૂં તો, ઓ ! બદંનની બુરી શકતીઓ ! તું નાબુદ હોજો ! તારૂં કૌવત શેકસ્ત હોજો ! અગર તું બદનમાં પેવસ્ત થઇ નહિ હોતે, તો હું આજે એટલો કંમબખ્ત બનતે નહિ! અને દુન્યાની લાલચોને વશ થઇ, ખોદા તરફથી મારૂં સર ફેરવતે નહી! અને દોજખના દિદાર જોવાની ફરજ ફરીથી પડતે નહી!

માટે, હવે હું સોગંદખાઉછું કે ફરીથી તારૂં નામ દેઉં નહિ ! પણ ખોદાની એબાદતમાંજ મારૂં દિલ લગાડું ! પછી, લાખો સેતમ તેનાથી ગુજરે તો કશી રીતની હરકત નહિ ! સબબ, તેતો કયાંમત સુધી પાસેનો પાસે રહેશે ! અને ફકટ અશોઇનો માર્ગ જાહેર કરતો રહેશે ! પણ, તારી મીસાલ, બેહાલ કરી ચાલ્યો જશે નહિ ! એટલું સમજવાને, પહેલાં, હું નાદાંન, નીચ અને કમઅકકલી રહયો ! જેથી, બુરી લાલચોએ, મુંજપર ફાવી જઇ, પસ્તાવામાં ગેરફતાર કીધો !

તા. ક. ઓ ઈનશાંન ! તું ચેત ! મગજ શાંત રાખી, બારીકીથી એક એક લાંઘનપર નેંગાહ પહોંચાડ ! અગર, દોજખી આતશથી તારો છુટકારો કરનાર હોય તો મુજબીસાલ, તારો વખત ગાફેલીયતમાં નાકાઢ ! પણ ખોદા સાથ દિલ બાંધી તારા દિલનો તું પોતે સાહેબ થા અને ગુલામ ના બન !

અસરકારક સવાલ જવાબ

૧ સવાલ—શું અહુરમજદ જેવી હસ્તી છે ?

જવાબ—પોતાનો અવલથી તે આખર સુધી વંશાવેળો તપાસવો, જો, કંટાળો લાગે તો માનો કે 'એક' છે; અને આગળ જવાય તો જે છેલ્લો, તે અહુરમજદ પોતે, અને રહેશે તે પણ પોતે; બાકી જે હસ્તી છે, તેની નીસ્તી છે !

૨ સ૦—અહુરમજદ કયાં છે ?

જ૦—જેમ એક બીજમાંથી ઝાડ પેદા થાય છે, પણ ઝાડમાંથી તે બીજ માલુંમ પડતું નથી તેમ, હરેક હસ્તીવાળી ચીજમાં, પોતાની બારીકમાં બારીક રોશની મુકી, પોતે, ગુંમ થઈ ગયો છે (ખાકી ચશ્મથી તે દેખાવ આપી શકતો નથી)

૩ સ૦—માણસ કોણ ?

જ૦—લાલચુ પુતલું

૪ સ૦—તેને દોરવનાર કોણ ?

જ૦—ફરોહર (રાહબર)

૫ સ૦—પરવરદેગારને હૈયાતી બક્ષવાનું કારણ શું ?

જ૦—એક કસોટીને ખાતર !

૬ સ૦—પરવરદેગાર ઈનશાંનોને ઉતમ અકલ આપી, શું ફરમાવે છે?

જ૦—અય મારા ખાકી બંદા ! હું તારા પોતીકામાં છું અને જે તુંછે તે હું પોતે છું ! પણ તારામાં હુંપણું આવવાથી, તેં

મારીસાથ જુદાઈ રાખી છે, તેટલામાટે તારી ચસ્મ રોશન કરવા, મેં, બંદીખાનું બનાવી, તને આ જેહાંનમાં ફેંકી દીધો છે, માટે તને ઘટેચ કે એ બંદીખાનું હવે, મહાન મુશ્કેલી સાથ તોડી, પાછો મને મળી જા!

૭ સ૦—એક ચીજ એવી દરશાવો કે, જેમાં પુછનારને, જવાબ આપનારને, અને સાંભળનારને ફાયદો નથી મળતો, પણ નાહકની બદલામી મળે છે.?

જ૦—પુનરજન્મ!

૮ સ૦—શું ઇનશાંનો બીજો જન્મ લે છે?

જ૦—જ્યાંસુધી ખુદરત અને ખલકતનો હક અદા થતો નથી, જ્યાંસુધી ખુદાપર જાંનફેશાંની થતી નથી, જ્યાંસુધી, તેના સાચ્ચા ઉસ્તાદને જાગૃત કરતા નથી, ત્યાંસુધી ઈનશાન હક્કદાર નથી, કે, એક આસમાનની ખબર મેળવ્યા વગર, સાતમા આસમાનપર એકદમ કુદકો મારવો! અને શીખેલાઓ તેમજ દાનાવોને ઘટેચ કે, નાદાંન આગલ ખુદરતની તારીફ કરશો તો તમારી વાતને લોકો મંજુર રાખશે નહિ; અને તમારા માર્ગપરથી બેધ્યાન થશો, માટે, ચેતીને ચાલજો!

૯ સ૦—ખુદરતની તમામ ચીજોને પીછાંણી, સચ્ચાઇ કેમ મેળવી?

જ૦—દુન્યાની મહોબત અને માયા દુર કરી, તમામ સદ્દગુણો એખત્યાર કરવા એટલે આપોઆપ જે માંગશો તે હાજર છે! અને તેનાથી જે સંતોષ મળે તે કરતાં વધુ, કેતાબ, યાતો, ફીલસુફ પણ આપી શકશે નહિ.

૧૦ સ૦—ઘણાં ફીલસુફો, પીરપેગમ્બરો અને તેનાથી હદથી જ્યાદા પાક જરથોસ્ત પેગમ્બરનું લખાંણુ અલંકારીક રૂપમાં (ભેદભરમમાં) કાંય છે?

જ૦—જો બધું ખુલ્લા આકારમાં હોય, તો, લોકો તેને સાધારણ ગણી, તેની કિંમત શું છે તેનો જરાએ ખ્યાલ કરે નહિ. તેમજ,

છુટથી વાત કરતાં, તેનો ગેરઉપયોગ પણ કરવાનું દરસ્ત વિચારે, માટે, જ્ઞાનીઓજ તેની કદર અને કીંમત પીછાંણી, જોઈતો ખોરાક લેઇ, સંતોષ પાંમે!

૧૧ સ૦–દરેક ધર્મનો પાયો શું?

જ૦–પહેલાં સચ્ચાઇ!

૧૨ સ૦–ધર્મીબનવું તે શું?

જ૦–ધર્મના તમામ કાયદાને માન આપી, તેના હોકમ મુજબ ચાલવું; કારણ ધર્મ પોતે સાચ્ચી અને પરહેજગાર રાંણી છે જે કદીભુલાવો ખવરાવે નહિ, અને તંગદસ્ત હાલતમાંથી, એકદમ છુટો કરી, આબરૂ ઇજ્જતમાં રાખે.

૧૩ સ૦–નીતી રીતી અને કેળવણી શું બતલાવે છે?

જ૦–બુરા જુસ્સાની રાતદિન કતલ કરી, સદ્‌ગુણી બનવું! (એટલે કે પોતે પોતાને કેળવવો) એજ ફકટ કેળવણીનું ખરૂં નામ છે!

૧૪ સ૦–કેળવણી કેવા પ્રકારની હોવી જોઇએ?

જ૦–ભાષા સાથે ધાર્મીક જ્ઞાન.

૧૫ સ૦–ધાર્મીક જ્ઞાન ન હોય તો શું અનજામ (પરીણામ)?

જ૦–કોઈ પણ ભાષા એ ફરજંદ છે, ને ધર્મ માતા છે, અને આસમાન પીતા છે. માટે, જો ફરજંદ પોતાના પીતા અને માતાથી દુર પડી જાય અને તેની દરકાર નહિં કરીએ તો તે ફરજંદ બીશક્ક કંગાળીયત હાલતમાં આવી પડે, જેથી ફરજયાત, આસરો લેવા બદીને વશ થાય!

૧૬ સ૦–ઉંચ કેળવણી સાથ આત્મીક જ્ઞાન હોય કે?

જ૦–આત્મીક જ્ઞાનની ફીલસુફી, ક્યાંમતસુધી શીખો, છતાં થોડીને થોડી છે.

૧૭ સ૦—આ જમાનામાં ઘણું ફરજંદોને એવા ફરજ કાંય નહિ મુકવામાં આવતી ?

જ૦—પહેલાં તેનાં માતપીતાં, અને પછી કામેલો, ઊંડા ભવીષ્યમાં ફરતા ફરે છે જેથી તેઓ, બીચારા ફરજંદોને જાગૃત કરવાને અસ્કતીવાન છે.

૧૮ સ૦-શું હઠ્ઠીલાળાં અને વિચીત્ર છોકરાંને રાહે પાડી શકાય કે ?

જ૦—હક્કતાળાએ માણસોને એટલાં બધાં આપએખત્યાર અને અક્કલવાલાં બનાવ્યાં છે કે, જે તેઓ ચહાય, તે, કરી શકે ! માટે એના ઉપાય એજ છે કે, પોતાનાં સમજી કોઇની તરફદારી કર્યાવગર જાંનફેશાંની કરવી, કંટાળો ન રાખતાં, શીક્ષા વખતે શીક્ષા અને ભલમણસાઇ વખતે ભલમણસાઇ દેખડાવવી ! તેના ગુણોને ખીલવવા અને હિંમત વધારવા, મધુરવચનસાથ ગોફતેગો કરવી ! ઠોકર ખાય એવાં કામો કરાવવાં ! ખુશી કરવા અને મગજ સાફ કરવા, અનેક જાતની કળા, હસબોલથી કરી બતલાવવી ! છુટથી બહાર હવામાં ફેરવવું ! તેના કસૂરોપર ધ્યાન પુગાડવું પણ ઘણીવેળા નાંખતી કરી જઇ, ધીમે ધીમે પ્રસંગપર સમજાવતા જવું ! જેથી સામો શખ્સ તેને જીતી લેઈ, પોતાનો ખુબીવંતો ચલકાટ જરૂર તેનાપર ફેંકી શકશે !

૧૯ સ૦-કયા શાએરોનાં લખાંણ અસરકારક નીવડે ?

જ૦-પોતાના જીગરમાંથી પોકાર નીકળે,તે વખતે, બધું ઊંઘ ભુખ અને દુઃખ છોડી દેઇ, કલાંમ શાંત મગજ રાખી ચલાવે ! અને તેના પોકાર બંધ થયા પછી પાછી મુકી દેય! (જેવી રીતે દુધ, આતશના જોરે, જોસભર આવે છે, અને તેનો તુરત અટકાવ કરવામાં આવે છે તેમ)

૨૦ સ૦—કયાંમતસુધી વખણાય કોણ, અને તેજવળી ગુનાહને પાત્ર પણ કોણ હોય ?

જ૦—જો શાયરો, તરફદારી કર્યા વગર કામ કરે, તો, તેઓની હમેશતલક વખાંણ થાય ! અને જે શાયરો પોતાના જાતી લાભ ખેંચી લોકોના મગજને ડામાંડોળ કરે અને ખોટું સમજાવી, હરેકને નીતીમાન

માર્ગપરથી દુર કરે તો, તેઓ, કયાંમતસુધી ખરા ગુનેહગાર છે! કારણ દરેક જણનો ગુનાહ તેને શીરે હોય છે !

૨૧ સ૦-કોણના ટેકાપર લોકો ચઢીજઇ એફીન લાવે ?

જ૦-જે ધણીઓ મુસીબતી ખેંચી, ભલાને બુરામાં સમાઇ જઇ, મધમાખની મીસાલ રસચુસી, પારકાંઓને, પોતાની આઇન ફરજ સમજી, પાવાને મજબુતાઇથી આથેહ કરે તેઓના !

૨૨ સ૦-કયું ફરજંદ મોતપણે પણ વધુ દીલગીર અને દુખી હોય ?

જ૦-જેની માતા, ફરજંદને જન્મ આપી, તુરત હકક થાય તે (ગુજરી જાય)

૨૩ સ૦-ગળામાં ફાંસો ખુશીથી કોણ નાંખે, અને પછી પસ્તાય ?

જ૦-જે શખ્સ, હાથ પગની સલાંમતી, અને ઉસ્તવારી ન હોવા છતાં એકાએક પીછાણકર્યાવગર શીયાદીનાંગાંઠથી, લલચાય તે !

૨૪ સ૦-શું સગપણમાં શીઆદી કરવી લાભકારક અને ઉત્તમ છે ?

જ૦-સગાંમાં શીઆદી કરવાથી લોહીના પીછાંણ થાય છે, એકમેકનાં ગુણો માલુમ પડી આવે છે, જવાંન નર ખોટીરાતે પૈસાનો હકક માંગતાં અચકાયછે, અને કુળની આબરૂ રાખવા, તેઓપોતે પણ નીતીમાન બને છે !

૨૫ સ૦-ખરો બાદશાહ કોણ ગણાય ?

જ૦-જે શખ્સ ગુપચુપ ભલાઇ કરે, અને, તંગી વખત ભલાઇ પર હાથ મારે નહિ અને પ્રમાણીકપણે કમાઇ, નીતીમાન જીંદગી ગુજારી ખુદાપર પુરતો પ્યાર રાખે તેજ ! તખ્તપર બેસી બાદશાહી કરનારા, એઓ તો સેતારાની યારીના જોરે છે !

૨૬ સ૦-ખરો લડાયક કોણ ?

જ૦-પોતાના માતપીતા, ઉસ્તાદ, શેઠ, અને તમામ દોસ્ત આસનાઓને વખત આવવે તેમના કસુરો જાણીજઇ, સચ્ચાઇપર

ઊભો રહી, બે સોખન કીંમતી જાહેર કરી, તુરતજ એક ગાંઠથી જોડાય તે! શમશીર અને ઢાળથી ખરો લડવૈયો કદી કેહવાતો નથી !

૨૭ સ૦-ભારી હથીઆર અને સેતાંનોને કેમ વશકરવા ? (જીતી લેવા) ?

જ૦-નમનતાઇ સાથ માથું આપીને !

૨૮ સ૦-આ દુન્યામાં જાંણી જોઈને વધુ ગુનાહ કોણ કરે છે ?

જ૦-પરવરદેગારે ન્યામત આપ્યા છતાં, કંજુસ આદમી પોતાના પૈસા જતા રહેશે, એવું ધારી, હરેક સાથ, હરેક કામમાં, કાવા દાવા રમે છે તે !

૨૯ સ૦-કોણનો દોલતનો ખજાંનો, અને આવતું કુટુંબ નાશ પામે છે ?

જ૦-જે શખ્સ, હરવખત, પોતાની નોંક, ખોટી રીતે જાળવી, સારૂં જોતો નથી અને સાંભળતો પણ નથી તે !

૩૦ સ૦-ખુદા શું ચીજ શાંખે, અને શું નહિ શાંખે ?

જ૦-પરવર બધું, છુપી રીતે શાંખે, અને એબને પણ ઢાંકે, પણ ગરૂરી કદી શાંખીજાય નહિ ! કારણ તેવણ પોતા હરઘડી ફરમાવે છે કે મારાં, પ્રીય ફરજંદો, મારી અદાલતમાં નમનતાઇનો ખજાનો અખુટ છે. પણ ગરૂરીનો ખજાનો કાંઈજ નથી, માટે, લેવા આવશો તો હાથ ધોશો (ગેરફતારીમાં ઉતરશો)

૩૧ સ૦-દિવસના મીનીટે મીનીટની ચોકસાઈ, ખંત અને આપેલું વચનપર જીત કેમ મેળવાય ?

જ૦-અમુંક કામ અમુંક વખતે કરવુંજ અને તેવખત હરેક માયા મહોબત ભુલી જઇ, મારૂં મોત થશે, યાતો મારી મેળવેલી આબરૂ જાહેરમાં લુટાશે, એવા ખ્યાલો રોજબરોજ મગજપર ઠસાવ્યાથીજ !

૩૨ સ૦-આ દુન્યામાં સત્ય ગોગણુ કેટલી ?

જ૦-પંદર લાખે જો એક સંપુર્ણ મળી આવે, તો, પોતાના શીરીન સોખન અને ચલકાટથી આસપાસ પંથરાતી થોડી બદી નાબુદ કરે !

૩૩ સ૦-આ જમાનામાં, દાનાવ, પરહેજગાર અને રાસ્ત ફીલસુફો કેટલા?

જ૦-ઝબાંનના એકેએક, તેમાં નીંચ આદમી પણ; છતાં, જીગરના કોઈ મળતા નથી !

૩૪ સ૦-ખરો ઉસ્તાદ કોણ ગણાય ?

જ૦-જે શખ્સો રાતદિન જેહમંત ખેંચી, ખોદાએ આપેલા પોતાના ઉસ્તાદને જાગૃત કરી, તેની પાંસેથી શીખી લેઇ, વધઘટ કર્યાવગર બીજાને શીખવે તે !

૩૫ સ૦-મરકીનું કારણ શું ?

જ૦-મુળ કારણ પવિત્રાઇનું ખુંન, અને તેપરથી બદહવા અને ઝેરીજીવજંતુઓના રોપા પેદા થયા, તે !

૩૬ સ૦-એને નાબુદ કરવાનો મુખ્ય ઉપાય કયો ?

જ૦-થોડોક વખત, જગે જગ અને મહોલે મહોલ્લા આતશ. પર સુગંધી તેમજ સ્વચ્છ ચીજો બાળવી; હરેક પોતાના ધર્મના ક્રીયા કામો ચોકકસરીતે ચોકસ વખતસુધી કરી બતલાવવાં; અને તેના હોકમ મુજબ ચાલતા રહેવું. માટે એકીન તે પરવરદેગારને અર્પણ કરો ! અને કરોડો રૂપીઆની બરબાદી કરવી, અને લાખો ઉપાયો યોજવા એમાં ખોદા રાજી નથી !

૩૭ સ૦-દુઃખ દરદનો સહેલો ઉપાય કયો ?

જ૦-અરદીબેહસ્તયષ્ટ પાકીજગી રાખી, પોતે, ભણવી યાતો કોઇ પરહેજગાર શખ્સપાસે ભણાવવી; સબબ, એના ચોક્કસમાંથ દરદીને ગુપ્ત અસર કરે છે !

૩૮ સ૦-શું દરદીને અંધારામાં રખાય કે રોશનીવાળી જગામાં ?

જ૦--દરદીને બત્તી અથવા બીજી ચીજની રોશની મળે એવું કરવું, કે, જેથી તે ગડબડ તથા શોર બકોર કરે નહિ, અને તમામ બદ હવા, રોશની મળવાથી નાબુદ થઇ જાય છે !

૩૯ સ૦--ઉત્તમમાં ઉત્તમ નેંકી કઈ ?

જ૦--બીન ગરજવંત થઇ, હરવખત લોકોના પરોપકારી કામમાં આગલેઇ એક સોખનથી, રાજી રાખવાં, અને વળી નમીને ચાલવું. એ જેવું ખરૂં સુખ મુંજને બીજું એકે માલુંમ પડતું નથી.

૪૦ સ૦--નેંક આદમી કેમ થવાય ?

જ૦--પહેલાં તો તેની કીંમત ધુળ સમાન હોય છે, ત્યારપછી, તે થોડું ઘણું શીખે છે, અને જેંમ જેંમ તે, આગળ વધવાનું જલદીને જલદી પસંદ કરે છે તેંમ તેંમ હજારો મુંસીબતી ચાર દિશા તર્ફથી પડે, છે, લોકોમાં આવી તે સારીરીતે કચડાય છે અને ત્યારપછી ચોક્કસ જાતનું રૂપ લેઇ લેય છે. (જેવી રીતે લોખંડ જમીનમાં હોય છે, પછી, તેને સાફસુફ કરવામાં આવેછે, ત્યારબાદ પુરતા આતશમાં નાંખી તેનો, કોઇ પણ ઘાટ બનાવવામાં આવે છે તેંમ.)

૪૧ સ૦--તબીઅત દરૂસ્ત રાખવાનો સાધારણ ઉપાય કયો ?

જ૦--ઉઠવાનો તેંમજ સુવાનો વખત નીયમીત રાખવો ! મધ્યમ અને જુસ્સા ઉત્પન નહિ થાય એવો ખોરાક લેવો ! ભુખ, વખતેજ, ખાનું લેવું. ત્યારબાદ ફરહર કરવું, જોલાબ લેતાં ભુલવું, નહિ, દાતણ કરતાં કફ પાડવા, રૂતુને અનુંસરતાં કપડાં પહેરવાં, વખત મળવે ખુલ્લી હવા લેવી. ફરસુદનો લાયક અને રૂડો ઉપ્યોગ કરવો.

૪૨ સ૦--જરથોસ્તી ઝુંડો એકવાર પાછો ઉડે, અને તકોબરી, ખોટા ખર્ચ, આળસાઇ, બેરોજગારી, પારકી નીંદા, ન ધારેલાં હજારો દુ:ખ દરદ, માત પીતાની નાફરમાનદારી, આપઘાત અને અપવીત્રાઇ દુર થાય, તેનો સહાસીક પાયો કેંમ નાંખી બતલાવવો ?

જ૦--દરેક દેશમાં કેળવણી સાથે ધાર્મીક અને નીતીમાન ખાતાં સ્થાપવાં, પાઠો મોઢે કરાવવા નહિ પણ ખંત અને ફરજસાથ

અમલ કરતાં શીખવવું ! અઠવાડીઆમાં એક દિવસ નક્કી કરી, દરેક જગ્યાએ પાક મકાનોમાં બંદગી કરવાનો કાયદો જારી રાખવો ! જગેજગ વાયજ કરાવવી ! પંચનો ટેકો ચાર બાજુથી મક્કમ કરવો, અને પછી જુઓ કે આત્મીક જ્ઞાનનો આતશ રોશન થયો, કે, તે પછી ચહાશે તે કરશે ! અને ગેરફતારી ને પાયમાળી બધી દુર થઇજશે. એ સિવાય આ નાચીજ બંદો રતીભાર બીજું કહી શકતો નથી ! માટે જ્ઞાનીઓ ધ્યાન ધરજો, કે વેળા અને ઝાડોને માટે હજારો પોકારો કર્યા કરવા, તેના કરતાં, આવતી ઓલાદને કેમ બચાવવી તેનો હવે કાંઇ શાંતપણે દરયાફત કરો.

૪૩ સ૦--ખુદાનો ઈન્સાફ કેમ તપાસાય ?

જ૦—જે ચીજ ઉત્તરે મળે તે દક્ષીણે નહિ મળે. અને જે પુર્વે મળે તે પશ્ચીમમાં નહિ મળે. તેમ જે રસ્તે જશો તેનાં ફળ, તમોને ચાખવાનાં છે ! પછી તમો આગળ વધશો તો રસ્તો રોશન થશે. અને પાછળ હઠી બેસશો, તો, આ દુન્યાના ફાંડામાં પડી અંધકાર જોશો.

૪૪ સ૦—ખરો સુધારો કયો ?

જ૦—દરેક જણાં ખોદા તર્ફ સર રાખી, પોતે પોતાને સુધારી આગળ વધે, બાકીના હરેક હરેક સુધારા, સુતેલા સેતાંનને હથીઆર આપી જાગ્રત કરવા કોજે છે !

૪૫ સ૦—ખરા ફીલસુફો અને દાનાવોને શું મળે, તો તેઓ ભુખ, દુખ, અને માલમતા ભુલી જાય !

જ૦—લાયક વખતે માત્ર હિંમત અને લેહુજ્જતદાર સોખન ! આ મળવાથી તેઓ ઓર ફાયદા જેહાંનને કરી બતલાવે છે !

૪૬ સ૦—નવજોતની ક્રીયા થવા આગમજ, બચ્ચાંને ખોરાક વગર કાંય રાખવામાં આવે છે ?

જ૦—ચોક્કસ ખોરાક એવા હોય છે, કે જે તેઓના મગજને બે-ધ્યાંન બનાવે છે ! અને પવીત્ર ક્રીયા વખતે શું થાય છે., અને શું ધડા લેવા જોઇએ, જેનાથી તેઓ દુર થઈ જાય છે, એટલા માટે.

૪૭ સ૦—નવજોત તે શું?

જ૦—અણુસમજ જીંદગીમાંથી નવી સમજ (જીંદગી) મેળવવી કે જે વખતથી, તે બચ્ચું પોતે પોતાની કરણીનો જવાબદાર ઠડે છે!

૪૮ સ૦—નવજોત સાંજે થાય, તો કાંઈ હરકત છે?

જ૦—ખરો વખત એને માટે સવારનો રાખવામાં આવ્યો છે. કારણ કે પૂર્વેની રોશનીના ચકચકીત અને ખુશનુંદ કીરણો, તે બચ્ચાંનાં મગજપર સારી અસર કરે છે, અને બદ હવા નાબુદ કરે છે. (એવું મારી નાકેશ અકકલ કબુલ કરે છે.)

૪૯ સ૦—શું જયોતીષ શાસ્ત્ર ખરૂં છે?

જ૦—એ શાસ્ત્રનો જમાનો બીલકુલ અંકાતો નથી. એ માત્ર આસમાની કેતાબ થડે છે! પણ જમાના પછી જમાનો બદલાતો ગયો તેની સાથે સચ્ચાઈ નાબુદ થતી ગેઇ, તેના બદલામાં લોકો પૈસાને ખરી સચ્ચાઈ માનવા લાગા, અને લોકોને ગમે તેમ દોરવવા લાગા જેથી હવે, હરેકજણ ગમે તેંમ બોલે છે. અને એટલા ખાતર એતેકાદ, જેવી ચીજ પણ રહી નથી.

૫૦ સ૦—આ જમાનો હરપળે અદેખાઇ અને અંતસથી ભરપુર છે! જે બુરાશને મીઠાસ સમજેચ અને નેકીને તીખાશ સમજે છે એનું શું?

જ૦—બુરી શકતીઓનો દોર એટલો બધો વધતો જાય છે કે છતે આંખે, શીહા રંગનો પદડો ફરી વળ્યો છે; માટે આવા સમયે, જે, છટકી જાય, એના જેવો બુલંદ તકદીરવાળો અને સપુત આ જેહાંનમાં કોઇજ નથી.

૫૧ સ૦—ખુદા તરફની ફકીરી કરવાનો કોણને હકક છે?

જ૦—જે શખ્સો, હાતમ દિલના થઇ શુભ કામો કરતા રહે! અને સર્વેને પોતાના ભાઇબંધ ગણે તેનેજ! નહિંતો કે ફકીરો અને દરવીશો, તો, રસ્તે રસ્તે ઘણાં માલુંમ પડી આવે છે.

૫૨ સ૦—દુન્યામાં જીવતાં જીવત છુટકારો કેમ મળે?

જ૦—આ દુન્યાને પાણીના પરપોટા મીસાલ સમજી, એક હાથપર બંને જેહાંનની ફરજ બજાવતો રહે તેનેજ!

૫૩ સ૦—ગુસ્સાની અકસીર દવા કેઈ?

જ૦—ઝબાંન છેજ નહિ એવું સમજવું; યાતો પાંચ કદમ દુર થઈ જવું.

૫૪ સ૦—કઈ ચીજ ખરીદવી અને કઈ નહિ ખરીદવી ?

જ૦—અગત પડતી ચીજનો રૂપીઓ આપવો પડે તો ખુશી સાથ આપવો! પણ જેનો તમોને લેશભાર ખપ નથી, તે જો કદી રૂપીઆની એક ચીજ એક આને મળતી હોય, તો તે, કદીપણ ખરીદવી નહિ.

૫૫ સ૦—નેંક આદમો જેંમ ભલું કરે છે, તેંમ વધુ મુશ્કેલીમાં શાસારૂ ગરકાવ થાય છે ?

જ૦—જેંમ એક બીકટ અને તોફાંની દરીયો પસાર કરતાં અવલથી તે આખરસુધી, તરનારને અનુંભવ મળેછે તેંમ.

૫૬ સ૦—ઘણાં માણુસો નિતીમાન જીંદગી ગુજારી, તબીઅતની સંભાળ લેવાછતાં શાસારૂં દુખી થાય છે ?

જ૦—કોઇ દરદો એવાં હોય છે, કે, ફરજંદો વારસામાં લેતાં આવે છે, માટે માબાપોને ઘટેચ કે, પવીત્રાઇપર ચુસ્ત રહેવું, કે જેથી તેઓ અતીગુનાહ કરતાં અટકે.

૫૭ સ૦—દાનાવોને બધા ઉપાય હાથ લાગા, પણ, ખોદા તરફની આફ્ટ અને ગેરફ્તારીનો ઉપાય નહિ મળ્યો, છતાં, તેઓ પોતાપરથી શું બતલાવી જાય છે ?

જ૦—શુક્ર ખુદા ! અય માલેક શુક્ર ખુદા! તું છે પાલનાર ! તું છે મારનાર! તારી અદાલતમાંથી સેવટે પણ દાદ વગર કોઇ પણ નહિ ફરનાર !

૫૮ સ૦—ખરો ઠગ કોણ ?

જ૦—અંદરખાનેથી બુરાઇપર જીવે, અને બહારથી પવીત્રાઇપર જીવે તે !

૫૯ સ૦—બાદશાહી, ન્યાય, કાયદા અને બંદીખાનું કોણને નહિ જોઇએ?

જ૦—સાચ્ચા, પ્રમાણીક અને રહેમદિલના માણુસોને.

૬૦ સ૦—દાનાવ કેમ થવાય ?

જ૦—લોકોનું સર્વસ્વ શાંખી જાય, ખરૂં ખોટું જાહેરમાં લાવવાને માત્ર પોતાની આઇન ફરજ સમજે. થોડું પણ લાયક બોલે. વાતચીત કરતાં ઇનશાંનોની પહેલાં પીછાંણ કરે. ડગલે ને પગલે મુંસીબતી ખેંચી અનુંભવ મેળવે. બીજાને સુધારે, તે આગમજ પોતે પોતાને સુધારતો રહે. બુરા અને ભલાઓમાં નિરદોષ આદમી મીસાલ ભેલાઇ જાય. કરજ ન કરતાં, થોડું કમાઈ, તેનો ભલો ઉપ્યોગ કરે.

૬૧ સ૦—લાયક બાદશાહ કોણને નેમાય ?

જ૦—જે બાદશાહ દાનાઇ અને પરહેજગારીમાં પુર હોય, તેનેજ. સબબ તેજ બાદશાહ પોતાની પ્રજાપર મહેરની નજરથી જોઇ શકે, નાલાયક કરો દુર કરે, સુખ સંપજમાં કેંમ રહેવું અને કેંમ રાખવું તેની ખબર તેનેજ હોય. અને તેના રાજ્યમાં ખુન, અને ન ધારેલી આફ્ટ અને ગુનાહ થતા અટકી શકે, ને, દરવીશ લોકો પણ ખુશી સાથ દિન ગુજારે !

૬૨ સ૦—એવા ત્રણ શખ્સો કોણ છે જેઓ પોતાનું લોહી, નાહકના તાવી નાંખી પાણી કરે છે.

જ૦—૧, બેહદ આફ્ટ અને દુન્યાના તરેહવાર જાતનો ફેસાદ જોઇને બળાપો કરે છે. ૨, અદેખાઇ અને અંતશર્થી ૫જરે છે. ૩, પોતાની માશુકની દુરીને લીધે હમેંશા તેને યાદ કરતો રહે છે તે !

૬૩ સ૦—ફકીર મરદને બાદશાહી કોણ આપે ?

જ૦—જેની ઓરત પવીત્રાઇપર જાંનફેશાંની કરી, ઘરબારને પણ તેજ રીતે રાખે, અને હાલત જોઇ ખરચ કરે અને સાચ્ચી વફાદારી બતલાવે તે.

૬૪ સ૦—ગંમ, આફ્ટ અને નધારેલું દુખ દરદ શું પૈસાના જોરે નાબુદ થાય છે?

જ૦—ફકટ તેની ઓરતના અંતકરણના શીરીન સોખનોથી.

૬૫ સ૦-શું ઇનશાંનોને પાંખ છે ?

જ૦-જેઓને ડગલે ને પગલે જુઠાં તરકત કરવાં છે, તેઓને સો જાતની પાંખ હોય છે. પણ તેનો ભાર વધુ થઇ જવાથી, હવાપરથી ઊડી, ભોંયપર તુટી પડે છે.

૬૬ સ૦-શું દાંત બ્રશથી સાફ કરવામાં હરકત છે ?

જ૦-બ્રશથી સાફ કરવામાં ઘણી વખત મોટી ભુલ એ, થાય છે કે, તેની સળો, વાતો, ફગરસ અંદર દાખલ થવાથી, પારા સુજી આવે છે, માટે હાથની આંગળીથી સાફ કરવામાં, હમેશ સુધી દાંતની ખરી મજબુતાઈ સમાયલી છે.

૬૭ સ૦-ક્યારે આપણું, તકલીદી સુખ દુઃખ ભુલી જઇ ખરૂં સુખ મળે?

જ૦-લોકોના સુખ દુઃખમાં બીન બોલવે ભાગ લેવાથી.

૬૮ સ૦-કયો માણુસ તવંગર ?

જ૦-પ્રમાણીકપણે ઉદ્યોગ કરી, ખપજોગી ચીજ, ધીમે ધીમે ખરીદી લેઇ, વરસ દહાડે એક પૈસો પણ બચાવી શકે, તે.

૬૯ સ૦-એક ચીજ એવી કેઈ છે, જે, લખોના જોરે નહિ થાય, તે. ફકટ એક શબ્દના જોરે થાય !

જ૦-જીગરનું એકીન, જે, રાખે, તે, તમામ ચીજોને ધીમે ધીમે વશ કરે ! અને, ત્યારબાદ, તે આ દુન્યામાં ચાહેસો કરી શકે !

૭૦ સ૦-એવો કયો મુંફત મલમ, છે, કે, જેનાથી શરીરના નબળા સાંધા ખુદરતી તાકાત મેલવે ?

જ૦-સબુરીનો મલમ !

૭૧ સ૦-દુન્યામાં નાદાંન બચ્ચાંથી જઇફસુધી, કદંમ બ-કદંમ કેઇ ચીજ જુઠા અને સાચાને પ્યારીમાં પ્યારી છે, અને ભીખારી પણ જાળવવાની કોશેશ કરે છે ?

જ૦-ઇજ્જત આબરૂ! જો દુન્યામાં આ ચીજ નહિં મુકવામાં આવી હોતે, તો બીજી લાખ બદી ઉત્પન્ન થતે!

૭૨ સ૦--ખુદરતની એવી ભારે કરાંમત શું છે, કે, જે ચીજને ટેકો નથી છતાં હરેક હસ્તીવાળી ચીજને કયાંમતસુધી ટેકવી રાખે છે?

જ૦—આસમાન.

૭૩ સ૦--ખરો હીરો કયારે માલુંમ પડે ?

જ૦—જયારે તરેહવાર જાતથી કસાય, અને સેંકડો મદકોપર ફર ફર કરે અને હજારો નવાં આદમીનાં સમાગમમાં આવે ત્યારે !

૭૪ સ૦-બુરાઓ શ્યાંનપત કાંય નથી ધરતા ?

જ૦-બુરાઈનો ઝભ્ભો પહેરયોચ, તેથી, અસર થતી નથી, માટે એ ફાટશે ત્યારે આપોઆપ શ્યાંણપત મળશે !

૭૫ સ૦-હરેકનો ખોફ, ખમી શકાય પણ ખુદરતનો ખોફ, કાંય નહિ ખમી શકાય ?

જ૦-જે વારે ખોદાનો ખોફ જેનાપર ઉતરે છે, તેવારે, તેનાં કપડાંના ચીઠરેચીઠરાં થઇ જઇ હવામાં ઉડે છે, અને પલકારા સાથ તેનાં શરીરના ટુકડે ટુકડા ઉડાવી દેય છે, માટે, ઓ આદમ! તું જમાનાપર મુંસ્તકીમ ના રહે !

૭૬ સ૦-નેંક આદમીઓ, ગમે એવાં કામો માંથે ઉઠાવે છે, ત્યારે સેંકડોજણાં તેમને અટકાવ નાંખે છે, છતાં તેઓ સમજતા કાંય નથી?

જ૦-નેંક માણસોનાં જન્મથી જ્ઞાનતંતુ એટલા બધાં મજબુત થતાં રહે છે કે દુન્યાની ખોટી પરવા શું! અને શમશીર શું! એ, એઓનાં મગજ આગળ એક સાધારણ ચીજ રમે છે!

૭૭ સ૦-ઘણીવેળા બુરા આદમીઓ, પરહેજગાર અને સાચા શુરવીરોના બોલવાથી ધ્રુજે છે એનું કારણ શું ?

જ૦-સાચ્ચાઓનું બોલવું બેહદ રાસ્ત હોવાથી, જ્યારે, તે રાસ્ટ ચલકાટ ચોક્કસ વખતે બહાર પડે છે, ત્યારે તેની રોશનીની ગુપ્ત ચીનગારીથી ભલા શેતાંન લોકો પણ માથું નીચું નમાવે છે.

૭૮ સ૦-કયો દા૦ દુઃખ દરદના કામમાં શ્રેષ્ઠ ?

જ૦-જે ખોદાને હરઘડી યાદ કરી, ઉત્તમ પવિત્રાઈ રાખી, પોતાના હાથ, યાતો, સોખનથી દરદ સાફ કરે તે !

૭૯ સ૦-શું હોમનો રસ પીએ તો બેહદ સુખ અને તાકાત મળે કે?

જ૦-તમારા મગજમાં હોમનો રસ છે, અને જીગરમાં નાદર સુનેરી પ્યાલું છે, માટે ઉપરથી તેનું એકએક ટીપું આજથી નાખતા જાવ, જ્યારે, તે, ભરાશે, ત્યારે બીન બોલવે, જે ચહાશો તે મળશે.

૮૦ સ૦--અવસ્તા (બંદગી) ગાયણના રૂપમાં જોડવામાં આવે તો, બંદગી કરનારને ઉલટ વધે કે ?

જ૦-જે બંદેહ ખુદા ! ઘણીજ સ્પષ્ટ રીતે શીરીન ઝબાનથી, અવસ્થા પઢે, તો, પઢનાર અને સામેનો શખ્સ, એટલીતો લેહજ્જત મેળવે છે, કે, ગોયા, ભુખ દુખ પણ વિસરી જાય છે, માટે, ગાયણનું કશું એ કામ નથી !

૮૧ સ૦--તમારૂ ખરૂં ઘર કયું ?

જ૦-ફકટ ખુદાઇ ઘર ! એ સીવાયના સર્વે ઘર અને મહેલો બેવફા છે. અય ભાઇ ! આ દુન્યાનો રંગ ભુલાવો ખવરાવવાને માટે, પેદા કીધેલો છે, માટે, મારૂં માને તો, એની સામે જીંદગી સુધી મજબુત પગલાં લેજે !

૮૨ સ૦-શું રાસ્તીનો ખોરાક કોઇ પણ લુટે, તો, તમો એ વખત પણ મુંગા બેસી લુટાવશો ?

જ૦-જે શખ્સ આ વખતે પણ શાંત બેશે, તો, તે પણ લુટારો કહેવાય; સબબ, પરવરદેગારનું સાફ ફરમાન છે કે, જે બંદો મારી રાસ્તીની રખેવાળી રાતદિન કરે નહિ અને જાંણી જોઇને લુટાવે એ બંને શીક્ષાને પાત્ર ગણાય !

૮૩ સ૦--દુન્યામાં વધુ મહોબત અને માયા શુભ કામ નહિ કરતાં, મેળવવી હોય તો શું કરવું ?

જ-એક ઘેરથી બીજે ઘેર ભેટ સોગાદનાં દરવાજા ખુલ્લા કરવા અને પછી જુઓ, કે, વખત બદલાવવા સાથ, શું રંગ જમે છે!

૮૪ સ૦-આતશ બહેરાંમ, આતશ આદરાંન, અને આતશદાદગાંહ એવા ચઢ ઉતરના બીજા ત્રણ આતશ આપો !

જ૦-આત્મીક આતશ, જીવન આતશ અને શરીરી આતશ. માટે, તપાસજો કે સેવટે આત્મીક આતશની કિંમત થશે, અને એનીજ જવાબદારી ખુદાને ત્યાં છે !

૮૫ સ૦—કઇ વખતે દોસ્તો સાથે વાત નહિ કરવી ?

જ૦—જો દોસ્તો ઘર બહારની તેમજ પોતાના કામકાજની વાતો કરે તો, ત્યાં સામેલ થવું, એ, તેઓને અપમાન કીધા બરોબર છે. મગર, બેસવું પડે તો તે વખતે એક સોખન બોલ્યા વગર બેધ્યાન થવું.

૮૬ સ૦—કયા શેઠની તાબેદારી કરવી અને કયા શેઠની નહી કરવી ઘટારત છે ?

જ૦—સાદાને સાધારણ શેઠ, જે કદર બુજે. તેની તાબેદારી ટુંક પગારે પહેલાં કરવી! પણ જેઓ લક્ષાપતીમાં, નામ કાઢી, તમારા કામપર જો બેકદર હોય, અને નાહકની કસુર શોધવાને માનપાન સમજતા હોય તો, બહેતર છે કે ત્યાંથી સદાનું દૂર થઈ જવું. કારણ કે, દુશ્મનાઇ સીવાય બીજો બદલો મળશે નહિ.

૮૭ સ૦—તર્કશકતી અને ચતુગાઇ કેમ મેળવાય ?

જ૦—ગમે એવું કામ કરતી વખતે, બંને બાજુ તપાસવી; ત્યારબાદ દુરઅંદેશી વાપડી વિચારના કીલ્લા બાંધવા, અને સવાલ જવાબોના હથીઆર બનાવવાં, જેથી જે ધારશો, તે આયંદે પણ સફળ થશે અને તેને તોડવાની કોઇ પણ હિંમત કરશે નહિ.

૮૮ સ૦—શું અવસ્તાનો તરજુમો હોય તોજ ભણાય અને નહિંતો કે બંદગી કબુલ નહિં થાય ?

જ૦—તમો તરેહવાર રીતનું સમજસાથ રોજ જ્ઞાન મેળવો છો, છતાં, અફસોસ કરૂં છું કે ઘણાં શખ્સો અકકલનો બેહદ ગેરઉપયોગ કરે છે, તો અવસ્થાની પુરતી સમજ મળી જવાથી વળી શું ફાયદો એકાએક હાંસલ થઇ જવાનો હતો ? માટે ભલાઓ! યાદ રાખો, કે, **ખોદા કોઇની ઝબાંનને તપાસતો નથી, પણ ખુદજીગરનેજ સારી રીતે પરીક્ષા કરે છે.**

૮૯ સ૦—ખુદાની મતફેરો, શું કહે છે ?

જ૦—તે કીરતાર જાહેર કરે છે કે જેઓ અભ્યાસ કરી મારી ખુદરતને, માત્ર સમજે છે તેઓને હું ભેદ ભરમોથી નવાજતો નથી, પણ, જેઓ

માત્ર મારા હરેક ફરમાન અને કાયદાપર જાંન ફીદા કરે છે, તેઓને હું પુરતી રીતે શુભ નવાજી સદા ખુશ ખુશાલ કરૂં છું !

૯૦ સ૦–કોઇ ત્રણ દાનાઇનાં મોતી આપો, કે, જેની કીંમત ભલા દાનાવો પણ આંકી શકયા નથી ?

જ૦–હુમત, હુખ્ત, અને હુવરેસ્ત (શુભ મન, વાચા, અને કરણી)

૯૧ સ૦ આ ત્રણ કીંમતી જવાહીર શું બતલાવે છે ?

જ૦–શુભ મન એ **માતા** અને તેનાં બે ફરજંદ 'શુભ વાચા, અને શુભ કરણી, તેમાં '**પહેલી દિકરી.**' અને છેલ્લો **દિકરો.**

૯૨ સ૦–એની કીંમતની તારીફ કેમ અપાય ?

જ૦–જો તમો નેંક વિચાર કર્યા કરશો તો **આસ્તે આસ્તે** વિચાર મગજ સાથે અઠડી તેમાંથી પ્રવાહ ચાલુ થશે. અને તે પ્રવાહમાંથી ધોધબંધ **ફરજંદ** પેદા થશે. એટલે કે જેમ **તમારી પ્રીય માતા** તરેહવાર જાતનાં ફળો ચખાડે છે, તેમ, દાનાઇનાં **મોતી** તેમાંથી એટલાં બધાં નીકળશે કે તેના પ્યારમાં તમો ચકચુર થઇ જશો.

જ૦– જો તમારી બોલી, નેંક હશે, તો જેમ તમારી **કદરવંતી બેન** દુઃખ સુખમાં માયા મહેરબાની બતલાવે છે, તેમ, તમો લોકોથી જગેજગ ચવાશો અને તારીફ થતી રહેશે !

જ૦–જો તમારી કરણી નેંક હશે તો જેમ તમારો **પ્રીય ભાઇ** તંગી વખતે તમોને બંચાવી લેઇ, તમારી મુંફલેસી બહાર પાડશે નહિ, તેમ, લોકો તમારી ગેરફતારી અને મુંફલેસીજોઇ કોઇપણ રીતે મદદગાર થઇ પડશે.

માટે તમોને ઘટેચ કે ત્રણ **મોતી** નહિં સચવાય તો એક પણ સાચવી રાખજો. પણ **મત્તીમાં પેદા થતાં જરજવાહીર અને મોતી** પાછાં ખાકને સ્વાધીન છે. અને પૈસાની ને જીંદગીની બરબાદી છે. હું વધારે અજાયબીમાં ગરકાવ થાઉંચ, કે, ભલા પાદશાહ અને તવંગર લોકો આવાં મુંફ્ત બેમુંળી મોતીપર, પોતાનો પ્યારો જાંન શાસારૂ ફીદા કરતાં નથી ?

શાએરી સોખન.

અય કદરદાંન! જો તને દાનાઇના કામ કરવાનો બેહદ શોખ તો હોય, તો નીચલા પાંચ સોખન કબુલ રાખઃ—

૧ જો તારે વીસવર્ષ પછી, દાનાઈનું કામ કરવું હોય તો જરૂર કરજે! પણ પહેલાં લાંબા વખતનો ભોગ આપી તું પોતે પોતાને સુધાર! ખોદા તર્ફ તારૂં હાતમ દીલ અરપણ કર! અને તારી ચાલ એવી રાખ કે એક ઇનશાંન નહિ, પણ એક કીડી જેવી ચીજને પણ નુંકશાન નહિ પહોંચે!

૨. કેતાબોની માત્ર રોશની મેળવે, તેનાં કરતાં, તારા દીલની ગલચોના એક પછી એક પડદા ફાડી નાંખી, જીગરી છુપી રોશની મેળવતો રહે! કારણ એનાથી દુન્યાને નવું નવું ઘણું શીખવાનું છે! અને એમાંજ તારી ખરી કીર્તી છે!

૩. કોઈ પણ પ્રકારના લખાંણો યા કામો જેહાંનને કરી બતલાવ, પણ અગર, કોઇને નીતીમાન માર્ગપરથી દુર કીધાં, યા તેમના મગજને નાજુક બનાવી દીધાં, તો તું એમજ જાંણજે કે દરેકના ગુનાહનો જવાબદાર તું પોતે છે!

૪. શાએરીનું કામ કરતી વખતે, અય શખ્સ! તું એવી જગા હાથ કર, કે જ્યાં તું પોતે પોતાને જોય! કે જેથી, તારા ભવિષ્યમાં, સવાબ જવાબોની સલામતી, તારા પોતીકા હાથમાં સચવાતી રહે!

૫. અય કદરદાન! જરા સાંભળ! નિતી, વચન, અને દાનાઈ કામો કરનારાઓના અવતાર, એક 'કીમીયાગર' કરતાં, ખરાબ હાલ પુગેલા છે! કારણ કે 'કીમીયાગરો,' તો, સુનું બનાવવા માત્ર પૈસા બરબાદી કરી નાખે છે! પણ એઓતો (દાનાવો) પોતાની અમુલ્ય જીંદગી, હરેક બદીઓની સાથે ટક્કર ઝીલતાં, અને મક્કમપણે બચાવ કરવા પહેલાં, બરબાદ કરે છે! અને ત્યારબાદ વળી, જ્યારે દુન્યાના બહારમાં નસીઅત સંભળાવવા આવેછે: તે વખતે એક એક નસીઅતના ઉપર પોતાનો પ્યારો જાન એવો તો કુરબાન કરે છે, કે, તરેહવાર રીતે તેને કમી જોઇ, અંદરથી અસરકારક માવો બહાર કાઢે છે! એ વખતે અંતની ઘડીસુધી, ઊંઘ અને ભુખ, સુખ અને દુઃખ તમામ વિસરી જાય છે! અને આખેરીઅત, તેઓ ક્યા ફરે છે, અને શું કરે છે, તેની હસ્તી પણ વારંવાર ભુલી જાય છે!

જો ભાઇ! તું આ પાંચ સોખન કબુલ નહિ રાખતો હોય, તો, તને તારી હૈયાતીમાં ગેરફ્તાર થવું પડશે! અને શાએરીના નામને બદલામી પહોંચશે!

સમાપ્ત.

[illegible]

([illegible])

[illegible] —

[illegible]

[illegible]

આપનો સેવક,

[illegible]

[illegible] મુંબઈ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

કીમત બાર ૦ આના

[illegible]

[illegible]

[illegible]

([illegible])

([illegible])

કીમત બાર રૂ. ૧

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] (ગુજરાતી) અમદાવાદ